# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

" સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા : ૨૫/૫/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા 'વોટ્સએપ બિઝનેસ' વિશે વેબિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સોમવાર, તા. ૨૪ મે, ૨૦૨૧ના રોજ 'વોટ્સએપ બિઝનેસ' વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા તરીકે કોર્પોરેટ ટ્રેનર જ્યોતિ મારુએ મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

જ્યોતિ મારુએ જણાવ્યું હતું કે, મોટા ભાગે એવું બનતું હોય છે કે નાના વેપારીઓ પાસે પોતાના પ્રોડકટની માર્કેટીગ અથવા એડવર્ટાઇઝમેન્ટ માટે પૂરતું ફંડ કે રિસોર્સ હોતા નથી. એવા સંજોગોમાં પ્રોડકટની માર્કેટીગ માટે વોટ્સએપ બિઝનેસનો ઉપયોગ કારગત નીવડે છે. અત્યારના યુગમાં બધાની પાસે સ્માર્ટ ફોન હોય છે અને તેમાં તેઓ વોટ્સએપનો ઉપયોગ કરતા હોય છે. ૫૦ ટકા લોકો નોર્મલ વોટ્સએપ અને ૫૦ ટકા લોકો બિઝનેસ વોટ્સએપનો ઉપયોગ કરે છે. આથી બિઝનેસ વોટ્સએપનો વિનામૂલ્યે ઉપયોગ કરી તેમાં સ્મોલ, મિડિયમ અને લાર્જ સ્કેલની કંપનીઓ પોતાની પ્રોડકટને કેટલોગ તરીકે મુકી બિઝનેસને પ્રમોટ કરી શકે છે. બિઝનેસ વોટ્સએપમાં ટાઇમીગ સેટ કરીને ચાર્ટ બનાવી ઓર્ડર પણ પ્લેસમેન્ટ કરી શકાય છે.

તેમણે બિઝનેસ વોટ્સએપમાં મહત્વના ગણાતા ફીચર લેબલ વિશેના વિવિધ મુદ્દાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. વોટ્સએપ ગૃપમાં પ્રોફાઇલ પિકચરની જગ્યાએ કંપની અથવા પ્રોડકટનો લોગો મુકીને પણ તેને પ્રમોટ કરી શકાય છે. તેમણે કહયું કે, મોબાઇલ ડિવાઇસ ગમે ત્યારે બગડી શકે છે અને બિઝનેસ વોટ્સએપનો બેકઅપ નહી લઇએ તો ડેટા મિસ થઇ જાય છે. એવા સંજોગોમાં ગુગલ ડ્રાઇવ ઉપર વોટ્સએપનો બેકઅપ કઇ રીતે લઇએ તે અંગે તેમણે ડેમોન્સ્ટ્રેશન આપીને સમજણ આપી હતી.

જ્યોતિ મારુએ વોટ્સએપ મેસેજીસ માટેના સેફટી એન્ડ સિકયુરિટી પર્પઝ પણ સમજાવ્યા હતા. ભવિષ્યમાં એવું બની શકે કે બિઝનેસ વોટ્સએપના ઉપયોગ માટે ચાર્જ ચૂકવવો પડી શકે. આથી હાલ બિઝનેસના પ્રમોશન અને પ્રોડકટની માર્કેટીગ માટે નાનાથી લઇને તમામ વેપારીઓએ બિઝનેસ વોટ્સએપનો વિનામૂલ્યે ઉપયોગ કરવો જોઇએ. તેમણે બલ્ક વોટ્સએપ કેવી રીતે કરી શકાય અને વેબસાઇટ સાથે વોટ્સએપ લીન્ક કેવી રીતે કરી શકાય છે તે અંગે પણ સમજણ આપી હતી.

ચેમ્બરના માનદ્ મંત્રી નિખિલ મદ્રાસીએ વેબિનારમાં સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરના ગૃપ ચેરમેન કમલેશ ગજેરાએ વેબિનારનું સંચાલન કર્યું હતું. ચેમ્બરની ડિજીટલ માર્કેટીગ કમિટીના સભ્ય જયદીપ પરમારે વકતાનો પરિચય આપ્યો હતો અને અંતે તેમણે સર્વેનો આભાર માની વેબિનારનું સમાપન પણ કર્યું હતું.